## પ્રાથમિક શાળા, નેનપુર ના વિધાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે તા. ૧૩-૦૨-૨૦૨૫ મુલાકાત લીધી

પ્રાથમિક શાળા, નેનપુર ના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કર તા કુલ ૨૫ વિદ્યાર્થીઓએ અને ૨ શિક્ષકો એ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ , પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર , સણસોલીની મુલાકાત લીધી .આ અન્વયે કેન્દ્રના વડા અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિએ, વિદ્યાર્થીઓને કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ, યુનિવર્સિટી દ્વારા ચાલતા કૃષિ અભ્યાસ અને તેની રોજગારની તકો વિશે પ્રકાશ પાડ્યો હતો નેનપુરના ખેડૂતપુત્રોને/ વિદ્યાર્થીઓ અને તેમના વાલી ખેડૂતોમિત્રોને આણંદ યુનિવર્સિટીની વિવિધ જાતો અપનાવવા અને અન્ય તકનીકી તેમજ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન લેવા સલાહ આપી હતી તથા ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે કીટકશાસ્ત્ર વિભાગની દિવેલાની સંશોધન વિવિધ તાંત્રિકતાઓ અને હાલમાં ખેડૂતો દ્વારા પાક ઉપર આડેધડ જંતુનાશક દવાનો છંટકાવ અને બેફામ રાસા યણિક ખાતરોના વપરાશથી, માણસના અને જમીનના આરોગ્ય ઉપર થયેલ વિપરીત અસરોની જાણકારી આપેલ.ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ ખેતી વિષેની અગત્યતા, અને પ્રાકૃતિક કૃષિ યુનિટ ઉપર રૂબરું જઈને જીવામ્રુત, ઘનામ્રુત, બીજામ્રુત, નિમાસ્ત્ર, બ્રમાશ્ત્ર, અગ્નિસ્ત્ર વગેરે બનાવવાની પ્રાયોગિક પધ્ધતિ અને અગત્યતા વિશે માહિતી આપી હતી.

ત્યારબાદ, વિદ્યાર્થીનીઓને ફિલ્ડમાં લઈ જઈને અખરાઓની અને ક્ષેત્રીય સંશોધનની રૂબરું મુલાકાત કરાવી વિવિધ કૃષિ વિષયક સંશોધનો વિષે માહિતગાર કરવામાં આવેલ , અને છેલ્લે કેમ્પસમાં પર્યાવરણ અને તેના જતનની વિદ્યાર્થીનીઓ દ્વારા રેલી કાઠી, સર્વે વિધ્યાર્થીને કૃષિ અને પર્યાવરણ વિષે પ્રોત્સાહિત કરેલા.




**પ્રાથમિક શાળા, નેનપુર ના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કસા કુલ ૨૫ વિદ્યાર્થીઓએ અને ૨ શિક્ષકોની કૃષિ સંશોધન કેન્દ્ર સણસોલીની મુલાકાત**



**વિદ્યાર્થીનીઓ દ્વારા કેમ્પસમાં પર્યાવરણ અને જતનની રેલી**



**જીવામૃત, બીજામૃત વગેરે બનાવવાની પ્રાયોગિક પધ્ધતિ**